જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૨/૨૦૧૬ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૬૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી ૨૫૮ લીટર દેશી દારૂ, ૧૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૦,૧૯૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૬૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૨૨૬૨/૧૬

**જીઆઈડીસી વટવાઃ** સોનલબહેન વા\ઓ ભરતકુમાર શેઠ (રહે.અનિતા બંગ્લોઝ વિશ્વકુંજ ચાર રસ્તા પાસે નારાયણ નગર રોડ પાલડી) એ તા.૬/૧૨/૧૬ નારોજ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે સપ્ટેમ્બર ૨૦૧૫ થી નવેમ્બર ૨૦૧૬ સુધી આરોપી અંકિત કનુભાઈ ઠક્કર (રહે.સત્યમ કોલોની તા-જી.આણંદ, તથા જલપ્રેમ સત્યમ કોલોની સી.પી.કોલેજ રોડ આણંદ) એ જીઆઈડીસી વટવા કિરણ ઈન્ડસ્ટ્રીઝના ખાંચામાં આવેલ પોતાનો શેડ ભાડે લઈ સપ્ટેમ્બર ૨૦૧૫ થી નવેમ્બર ૨૦૧૬ સુધીનુ ભાડુ, ટોરેન્ટનુ બિલ, મ્યુનિ.ટેક્સ મળી કુલ રૂપિયા ૧૦,૩૦,૦૦૦/- નહી ચુકવી ભાગી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસઈ.શ્રી આઈ એ ઘાસુરા ચલાવે છે.

## દુષ્પ્રેરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૨૬૩/૧૬

**રામોલઃ** ધર્મીષ્ઠાબહેન વા/ઓ વિષ્ણુભાઇ પટેલ (રહે.શ્યામપાર્ક સોસાયટી નોબલ સ્કુલની પાછળ કૃષ્ણનગર) એ તા.૬/૧૨/૧૬ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી હીનાબહેનને તેનો પતિ મોહિતભાઇ ભોગીલાલ પટેલ (રહે.ક્રિશ એવન્યુ-૧ આલોક-૫ની સામે સ્વામીનારાયણ રોડ મહાદેવનગર વસ્ત્રાલ) અને સાસુ-સસરાના શારીરીક અને માનસિક ત્રાસના કારણે તા.૩૦/૧૧/૧૬ કલાક ૧૦/૦૦ થી કલાક ૧૨/૧૫ વાગ્યા દરમ્યાન સાસરીમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી ડી સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૬૪/૧૬**

**માધવપુરાઃ** દિનેશકુમાર રામજીભાઇ ઠક્કર (રહે. હનુમાનપુરા બીઆરટીએસ બસ સ્ટેન્ડની પાસે વાટીકા ફ્લેટ એફ -૫૦૧ દુધેશ્વર રોડ) એ તા.૬/૧૨/૧૬ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સીટી સેન્ટર દુકાન-૨ એફ બ્લોકમાં સુંન્ધીશ્વરી નામની ટ્રાન્સપોર્ટમાં કામ કરતો આરોપી કાલુરામ પુનમારામ (રહે.ગામ ગાદેવી ગાંધવ તા.ગુડામલોણી જિલ્લો.બાડમેર રાજસ્થાન) તા.૪/૧૨/૧૬ કલાક ૪/૩૦ વાગ્યાના સુમારે ટ્રાન્સપોર્ટની ઓફિસમાથી રેડીમેન્ટ કાપડના પાર્સલ નંગ-૨ કિમત રૂપિયા ૬૩,૬૬૦/- તેમજ બે મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૧૨,૭૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૭૬,૬૬૦/- મતાની ચોરી કરી લઇ નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી નિનામા ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૬૫/૧૬**

**કૃષ્ણનગરઃ** કાંતાબા વા\ઓ મહેંન્દ્રસિંહ ઝાલા (રહે.નંદ બગ્લોજ નોબલ સ્કુલ પાસે કૃષ્ણનગર) તા.૬/૧૨/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો કાંતાબાના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કાંતાબા ઝાલાએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એસ.અસારી ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** તરંગીનીબહેન વા\ઓ હર્ષદભાઈ પટેલ (ઉ.વ.૭૪) (રહે.સવિતા ગોવિંદ પ્લાઝા જજીસબંગલા બોડકદેવ) તા.૬/૧૨/૧૬ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે રુદ્રાસ્ક્વેર પ્લેનેટ હેલ્થની સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો તરંગીનીબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ તરંગીનીબહેન પટેલે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.ચાવડા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૬૬/૧૬**

**ઓઢવઃ** મહેન્દ્રભાઇ કાશીરામદાસ પટેલ (રહે. જગદીશ એપાર્ટમેન્ટ તપશીલ સોસાયટી સામે વિરાટનગર રોડ ઓઢવ) એ તા.૫/૧૨/૧૬ રાતના ૧૧/૦૦ વાગે પોતાના રહેણાંક નજીક ગાયત્રી દુધની ડેરી આગળ પોતાની સેવરોલેટ કંપનીની કાર નંબર જીજે ૨૭ કે ૩૦૫૫ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૬/૧૨/૧૬ સવારના ૫/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મહેન્દ્રભાઇ પટેલે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એ.ગોહિલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>દાઝી જતા મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૨૬૭/૧૬</u>

**સોલા હાઈકોર્ટઃ** કિરણબહેન ભાર્ગવ દવે (ઉ.વ.૪૦) (રહે.ઓગણજ ગામ નિશાળવાળો વાસ મેલડી માતાના મંદિર પાસે ઓગણજ ગામ) તા.૨૬/૧૦/૧૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસની સગડી ઉપર ચા બનાવતા હતા ત્યારે ગેસ લીકેઝ થતા ભડકો થતા દાઝી ગયા હતા. સારવાર માટે ભીમજીપુરા ગુજરાત બર્ન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં તા.૬/૧૨/૧૬ કલાક ૯/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ બી સૈયદ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)